દેવગઢ બારિયા ખાતે કોળી સમાજના ઇષ્ટદેવ ભગવાનના ધાર્મિક કાર્યક્રમમાં પૂર્વમંત્રી વિફર્યા

ભગવાન શ્રી માધાતાજીના પ્રાગટ્ય ઉત્સવે વિવાદ, પૂર્વ મંત્રી બચુ ખાબડને સ્પીચ ન મળતા માથાકૂટ

કોઈ રાજકીય આગેવાનને આમંત્રણ ન હતું : કોળી સમાજ પ્રમુખ

(પ્રતિનિધિ) દાહોદ તા 15

દેવગઢ બારિયા ખાતે ગઈકાલે કોળી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી માધાતાજીના પ્રાગટ્ય ઉત્સવની ભવ્ય ઉજવણી દરમિયાન અચાનક વિવાદ સર્જાયો હતો. ભગવાન શ્રી માધાતાની શોભાયાત્રા અને મૂર્તિ સ્થાપન વિધિ સાથે આયોજિત સમાજની સભામાં પૂર્વ મંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય બચુ ખાબડને ભાષણ આપવા ન મળતા તેઓ ગુસ્સે થયા હતા, જેના કારણે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

મળતી માહિતી મુજબ, કાર્યક્રમ રાજકીય ન રાખવાનો નિર્ણય કોળી સમાજ દ્વારા લેવાયો હતો અને તેથી કોઈ પણ રાજકીય આગેવાનને સભા સંબોધવાની મંજૂરી આપવામાં આવી ન હતી. સ્પીચ યાદીમાં પોતાનું નામ ન હોવાનું જાણવા મળતાં બચુ ખાબડ સ્ટેજ પર પહોંચ્યા હતા અને "કોની સ્પીચ છે?" તેમ પૂછતા વિવાદ શરૂ થયો હતો. તેમણે સભા સંબોધવા ન મળે તો મેળો ખોરવી નાખવાની ચીમકી ઉચ્ચારી હોવાનું પણ જણાવાયું છે, જેના કારણે સમાજના આગેવાનો અને ધારાસભ્યના સમર્થકો આમને-સામને આવી ગયા હતા.

પરિસ્થિતિ વધુ વણસતી જોઈ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો. વિવાદ બાદ બચુ ખાબડ ભગવાન શ્રી માધાતાની મૂર્તિ સ્થાપન વિધિમાં હાજર રહ્યા ન હતા. આ ઘટનાને લઈને સ્થાનિક સ્તરે તથા સમાજમાં અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

અખિલ ભારતીય કોળી સમાજ, દેવગઢ બારિયાના પ્રમુખ નિર્મળસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સમાજના સંમેલનમાં કોઈપણ રાજકીય પક્ષ દ્વારા સમાજનો દુરુપયોગ ન થાય તે હેતુથી એક પણ રાજકીય આગેવાનને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. તેમ છતાં સ્થાનિક ધારાસભ્ય બચુ ખાબડે તેમના લોકો મારફતે સ્પીચ માટે દબાણ કર્યું હતું. સ્પીચ ન મળતાં તેઓ મોટી સંખ્યામાં સમર્થકો સાથે સંમેલનમાં આવ્યા અને સ્ટેજ પર ચડી માઈક ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. સમાજના આગેવાનો સાથે ઉગ્ર બોલાચાલી બાદ પોલીસ દ્વારા મામલો સંભાળી લેવામાં આવ્યો હતો.

દેવગઢ બારિયા બેઠક પરથી ચાર ટર્મથી સતત દબદબો ધરાવતા બચુભાઈ મગનભાઈ ખાબડ 44 હજાર મતોથી વિજયી રહ્યા છે. મૂળ દાહોદ જિલ્લાના ઘાનપુર તાલુકાના પીપેરો ગામના વતની બચુ ખાબડ ઓલ્ડ એસ.એસ.સી સુધી અભ્યાસ કર્યો છે. ખેતી, સામાજિક સેવા અને શિક્ષણ ક્ષેત્રે લાંબો અનુભવ ધરાવતા બચુ ખાબડની રાજકીય સફર પીપેરો ગામના સરપંચ તરીકે શરૂ થઈ હતી. તેઓ 15 વર્ષ સુધી સરપંચ રહ્યા બાદ લીમખેડા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન, ઘાનપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને બાદમાં 6 વર્ષ સુધી દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે કાર્યરત રહ્યા હતા. જિલ્લા પ્રમુખ તરીકે તેમની આગેવાનીમાં દાહોદ જિલ્લાની તમામ 6 વિધાનસભા બેઠકો ભાજપે જીતી હતી.

વડોદરા જિલ્લાના ગ્રામ્ય પોલીસ વિભાગમાંથી 9 PIની આંતરીક બદલી

ડભોઇ પોલીસ સ્ટેશનના પીઆઇ કે જે ઝાલાને IUCAW બેસાડી દેવાયાં

એસઓજી પીઆઇ જે એમ જાવડાને ડભોઇ પોલીસ સ્ટેશનમાં મુકાયાં

(પ્રતિનિધિ) વડોદરા/ડભોઈ તા.15

વડોદરા જિલ્લામાં આવેલા અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા હોય તેવા 9 જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીના હુકમ કરવામાં આવ્યાં છે. જેને લઈને અધિકારીઓમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળી રહ્યો છે.

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા અલગ અલગ પોલીસ સ્ટેશનમાં છેલ્લા ઘણા સમયથી એક જ જગ્યા પર ફરજ બજાવતા તેવા બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરોની સમયાંતર બદલીના હુકમ કરવામાં આવતા હોય છે. વડોદરા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન, એજન્સી તથા લીવરીઝર્વમા ફરજ બજાવતા હોય તેવા 9 પીઆઈની સ્થાનિક પોલીસ સ્ટેશન તથા સ્થાનિક પીઆઈની લીવ લીઝર્વ સહિતના સ્થળ પર નિમણૂ કરાઈ છે. પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવેલી આંતરિક બદલીઓના કારણે ઘણા અધિકારીઓમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોની ક્યાં બદલી કરાઇ

અધિકારી	ફરજ સ્થળ	બદલી સ્થળ
એ.ઓ.ભરવાડ	ભાદરવા પોલીસ સ્ટેશન	ડેસર પોલી સ્ટેશન
વી.એન.ચૌધરી	ડેસર	લીવ રીઝર્વ
જે.એમ.ચાવડા	એસ.ઓ.જી.	ડભોઇ
કે.જે.ઝાલા	ડભોઇ	IUCAW
જે.જી.દેસાઇ	IUCAW	ભાદરવા
પી.આર.જાડેજા	વાઘોડીયા	શિનોર પો.સ્ટે.
બી.એન.ગોહીલ	શિનોર	એસ.ઓ.જી.
એ.કે.ભરવાડ	કરજણ	વાઘોડીયા
બી.એમ.પટેલ	લીવ રીઝર્વ	કરજણ

પૂ .મહંત સ્વામી મહારાજ ચાર વર્ષ પછી આજે વડોદરામાં

પૂજ્ય મહંત સ્વામી મહારાજ આગામી ૩૪ દિવસ સુધી વડોદરામાં રોકાણ કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.15

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આશરે ચાર વર્ષના લાંબા સમય બાદ આજે તારીખ ૧૬ ફેબ્રુઆરી, શુક્રવારના રોજ વડોદરાના બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, અટલાદરા ખાતે પધારનાર છે.

ગત ચાર વર્ષ દરમિયાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વિશ્વના વિવિધ ખંડોમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો. આફ્રિકા ખંડમાં જોહાનિસબર્ગથી લઈ ઓસ્ટ્રેલિયા ખંડના સિડની ખાતે નિર્માણાધીન નૂતન મંદિરોના બાંધકામને ગતિ આપી હતી. તે ઉપરાંત અમેરિકા ખંડમાં રોબિન્સવિલ ખાતે અક્ષરધામનું ભવ્ય ઉદ્ઘાટન, યુરોપ ખંડમાં લંડન ખાતે સત્સંગનો લાભ તથા



એશિયા ખંડના અખાતી દેશ અબુધાબીમાં મંદિર પ્રતિષ્ઠા જેવા ઐતિહાસિક પ્રસંગોમાં તેમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ રીતે પાંચેય ખંડોમાં સંસ્કૃતિના સિંચનના આયામોનું નિર્માણ કર્યા બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આગામી ૩૪ દિવસ સુધી વડોદરામાં રોકાણ કરશે. આ દરમ્યાન દરરોજ સવારે ૦૬:૦૦ વાગ્યે પ્રાતઃ પૂજા દર્શન તથા સાંજે ૦૫:૩૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી સાયં સભા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

આ તમામ કાર્યક્રમોમાં મુખ્ય આકર્ષણરૂપે ૨જી ફેબ્રુઆરીના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે.

મકરપુરા ડેપોથી જી.આઈ.ડી.સી. (GIDC) તરફ જતાં માર્ગ પર રાત્રે એક ગમખ્વાર અકસ્માત

મકરપુરામાંઅંધારપટનેપગલેટેમ્પોની અડફેટે શ્રમિકનું કમકમાટીભર્યું મોત

સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી સર્જાયો જીવલેણ અકસ્માત; સ્થાનિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સંસ્કારી નગરી વડોદરામાં અકસ્માતોની વણઝાર યથાવત રહી છે. શહેરના મકરપુરા ડેપોથી જી.આઈ. ડી.સી. (GIDC) તરફ જતાં માર્ગ પર રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલા એક ટેમ્પો ચાલકે રસ્તો ઓળંગી રહેલા નિર્દોષ મજૂરને જોરદાર ટક્કર મારતા, શ્રમિકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મકરપુરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં રાત્રિના સમયે એક શ્રમિક પોતાનું કામ પતાવીને

જઈ રહ્યો હતો. આ દરમિયાન મકરપુરા ડેપો તરફથી જી.આઈ.ડી.સી. તરફ જતાં રોડ પર બેફામ ગતિએ દોડતા ટેમ્પો ચાલકે તેને અડફેટે લીધો હતો. ટક્કર એટલી પ્રચંડ હતી કે શ્રમિક રોડ પર ફંગોળાયો હતો અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અકસ્માત બાદ ચાલક ટેમ્પો મૂકીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માત પાછળ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મકરપુરા ડેપોથી જી.આઈ.ડી.સી. જતો આ મુખ્ય માર્ગ લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે અંધારપટમાં ગરકાવ રહે છે. અંધારાને કારણે વાહન ચાલકોને રસ્તા પર ચાલતા રાહદારીઓ દેખાતા નથી, જે આ જીવલેણ અકસ્માતનું મુખ્ય કારણ બન્યું છે. બનાવની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ઉશ્કેરાયેલા લોકોએ આક્ષેપ કર્યો હતો કે, "વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ રોડ પર લાઈટો ચાલુ કરવામાં આવતી નથી. અંધારાનો લાભ લઈને વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે, જેના કારણે આજે એક ગરીબ શ્રમિકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે." ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

માર્ગ સલામતી મહિના અંતર્ગત NHAI વાસદ ટોલ ખાતે આંખ તપાસ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

હાલમાં ઉજવાઈ રહેલા માર્ગ સલામતી મહિના અંતર્ગત NHAI દ્વારા વાસદ ટોલ પ્લાઝા ખાતે આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ARTO, આણંદ, પોલીસ વિભાગ આણંદ તથા શંકરા આઈ હોસ્પિટલ, ચીખોદરા ના સહયોગથી યોજાવામા આવ્યો હતો.

આ કેમ્પમાં ટ્રક, બસ તથા અન્ય વાહનચાલકો ડ્રાઈવરો સાથે ટોલ પ્લાઝાના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન ભાગ લેનાર તમામને મફત આંખોની તપાસ કરવામાં આવી, ચશ્મા અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું, તેમજ આંખોના આરોગ્ય સંભાળ અંગે જરૂરી માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ લાંબા સમય સુધી સતત વાહન ચલાવતા ડ્રાઈવરો માટે આંખોની તંદુરસ્તી અત્યંત મહત્વપૂર્ણ હોવાથી આ પ્રકારનો કેમ્પ તેમના માટે વિશેષ લાભદાયી સાબિત થયો. સમયસર આંખોની તપાસ થવાથી અકસ્માતોની સંભાવના ઘટાડવામાં પણ મદદ મળે છે. સમાજના આરોગ્ય અને માર્ગ સલામતી માટે સરકારી તંત્ર, પોલીસ વિભાગ તથા આરોગ્ય સંસ્થાઓ વચ્ચેનો આ સંયુક્ત પ્રયાસ પ્રશંસનીય છે.

ડામરના વેપારી સહિતના પરિવાર રાજસ્થાન ગયો ત્યારે મકાનમાં તસ્કરો ત્રાટક્યાં

ન્યુ સમા રોડ પર આવેલી સોસાયટીના બંધ મકાનમાંથી રૂ.18 લાખના માલમતાની ચોરી

રોકડા રૂપિયા 4 લાખ અને સોના ચાંદીના દાગીના સાફ સુફી કરી ચોરો પલાયન થઇ ગયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ન્યૂ સમા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા ડામરના વેપારી પોતાના પરિવાર સાથે રાજસ્થાન પોતાના મકાનને તાળુ મારી ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યુ હતું અને કબાટ તથા તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 4 લાખ મળી રૂ. 18 લાખની માલમતાની ચોરી કરી પલાયન થઇ ગયાં હતા.ચોરીના જાણ થતા તાત્કાલિકે વેપારી દોડી આવ્યાં હતા અને ચોરીની ફરિયાદ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

વડોદરા શહેરના ન્યુ સમા રોડ પર આવેલી નંદનવન સોસાયટીમાં રહેતા નરેશભાઈ દેવાભાઈ પટેલ આર્યા એન્ટર પ્રાઈઝના નામની ડામરના લેવચનું કામ કરે છે. 12 જાન્યુઆરીના રોજ પોતાની પત્ની તથા પુત્ર સાથે મકાનને તાળુ મારીને રાજસ્થાન જવા માટે નીકળ્યાં હતા. ત્યારે ઉદયપુર પહોચ્યાં બાદ તેઓ હોટલમાં રોકાયાં હતા. તે દરમિયાન 14 જાન્યુઆરીના રોજ તેમના પાડોશમાં રહેતા મિત્રોનો ફોન આવ્યો હતો કે તારા મકાનનો દરવાજો તુટેલી હાલતમાં છે. જેથી તેઓ તાત્કાલિક ઘરે પરત આવવા માટે નીકળ્યાં હતા અને ઘરે દોડી આવ્યાં હતા અને લાકડાના દરવાજાનો ઈન્ટર લોક તથા અન્ય લગાડે લોક કોઈ સાધન વડે તોડી નાખીને તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડ રૂમમાં જઈ લાકડાના કબાટમાં વચ્ચેના ખાનામાં મુકેલા રોકડા રૂ.4 લાખ ટાઈટન કંપનીની ચાર કાંડા ઘડીયાળ, લોખંડની તિજોરીના ઉપરના ડ્રોવરમાથી સોના-ચાંદીના દાગીના જેવા કે સોનાની નાકની ચુની નંગ-35, સોનાની રીંગો નંગ 20, સોનાના મંગલસુત્રો નંગ 11, સોનાની ચેઈનો નંગ 6, સોનાના બ્રેસલેટ ફુલ નંગ 6, સોનાની બુટ્ટી ફુલ નંગ 05, ચાંદીની બંગડી ફુલ નંગ- 4, અને ચાંદીના છડા ફુલ નંગ 6 રૂપિયા 18 લાખની માલ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયાં હતા. જેથી તેઓ ચોરીની ફરિયાદ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ડોગ સ્કોડની મદદથી ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને વિસ્તારમાં લગાવેલા સીસીટીવી કેમેરામાની ફુટેજના આધારે તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

પીલુદરા ગામે બાઈક પર જઈ રહેલા યુવકનો પતંગની દોરીએ જીવ લીધો

રાહુલ પરમારનું ગળું કપાતા મોત, પરિજનોમાં આક્રંદમયી રુદન

(પ્રતિનિધિ) ભરૂચ,તા.15

જંબુસર તાલુકાના પીલુદરા ગામે પતંગની દોરી વાગવાથી એક યુવકનું કરુણ મોત થતા પરીજનોમાં ગમગીન વાતાવરણ ઉભું થયું છે.ઉત્તરાયણના દિવસે બપોરે લગભગ 1.30 વાગ્યાના સુમારે બની હતી.

ઉત્તરાયણનાં દિવસે જંબુસર તાલુકાના પીલુદરા ગામે તીથોરા ખડકીના રાહુલભાઈ કનુભાઈ પરમાર (ઉ.વ.35) બાઈક લઈને પોતાના ખેતરથી ઘરે જઈ રહ્યા હતા.એ વેળા તેના ગળામાં પતંગનો દોરો આવી ગયો હતો.જેમાં ગળું કપાઈ જતા જ કરુણ મોત નીપજ્યું હતું.

લોહીથી લથપથ ઈજાગ્રસ્ત યુવાનને 108 મારફતે જંબુસર સબ ડ્રિસ્ટિકટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ફરજ પરના ડોક્ટરે તેઓને મૃત જાહેર કર્યા છે.આ ઘટનાથી તતેના પરીજનોમાં ભારે શોકાતુર વાતાવરણ છવાઈ ગયું હતું.જે બાબતે વેડચપોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

કવિ દુલાકાગ પ્રાથમિક શાળા ના આચાર્ય જીગરભાઈ ઠાકર તલગાજરડા ખાતે ચિત્રકૂટ એવોર્ડથી સન્માનિત

■ વડોદરા શહેર ના નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત હરણી વારસિયા રીંગરોડ ખાતે આવેલ શ્રેષ્ઠ કવિ દુલાકાગ પ્રાથમિક શાળા ના આચાર્ય જીગરભાઈ ઠાકર નું શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય શૈલીને કારણે તલગાજરડા ખાતે પૂજ્ય મોરારીબાપુ, સીતારામ બાપુ અને ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ થી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં આનંદ અને ગૌરવની લાગણી તેઓની સાથે સમિતિના પ્રમુખ પિનાકીન પટેલ સંજયભાઈ પટેલ અને અન્ય નામાંકિત શિક્ષકો આચાર્ય ઉપસ્થિત રહીને પૂજ્ય શ્રી મોરારી બાપુ , સીતારામ બાપુના આશીર્વાદ મેળવીને અહો ભાગ્યવાન બન્યા હતા. અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી સાથે પણ શિક્ષણ ક્ષેત્રે ની વિશેષ ચર્ચાઓ કરી હતી.

યાત્રીઓની સુવિધા માટે ભારતીય રેલવે દ્વારા હેલ્પલાઈન નંબરની જાહેરાત કરાઈ

ઈન્ટરનેટ એક્સેસ કે નેટવર્ક માટે 139 પર SMS કરો

ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવા માંગતા હો, તો 139 પર SPOT લખીને, ત્યારબાદ ટ્રેન નંબર લખીને, ત્યારબાદ સ્પેસ અને તારીખ લખીને DDMMYY ફોર્મેટમાં મોકલી જાણી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

યાત્રીઓની સુવિધા, સલામતી અને તાત્કાલિક સહાય માટે, ભારતીય રેલ્વે એક અખિલ ભારતીય હેલ્પલાઈન નંબર 139 ચલાવે છે. આ હેલ્પલાઈન અઠવાડિયાના બધા દિવસો, 24 કલાક મુસાફરો માટે ઉપલબ્ધ છે. જો તમારા મોબાઈલ ફોન પર ઈન્ટરનેટ એક્સેસ અથવા નેટવર્ક નથી, તો તમે 139 પર SMS મોકલીને ભારતીય રેલ્વેની આ સુવિધાનો લાભ લઈ શકો છો.

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર, આ SMS સેવા જો તમે તમારી ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવા માંગતા હો, તો SPOT લખીને 139 પર SMS મોકલો, ત્યારબાદ ટ્રેન નંબર લખીને અને પછી સ્પેસ આપીને. જો તમે કોઈ ચોક્કસ દિવસ માટે ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવા માંગતા હો, તો 139 પર SPOT લખીને, ત્યારબાદ ટ્રેન નંબર લખીને, ત્યારબાદ સ્પેસ અને તારીખ લખીને DDMMYY ફોર્મેટમાં મોકલો. તેવી જ રીતે, કોઈ ચોક્કસ દિવસે ચોક્કસ સ્ટેશન પર ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવા માટે, SPOT લખીને, ત્યારબાદ ટ્રેન નંબર લખીને, ત્યારબાદ સ્પેસ અને પછી સ્ટેશન કોડ લખીને 139 પર SMS મોકલો. જો તમે કોઈ ટ્રેનનો રૂટ જાણવા માંગતા હો, તો ROUTE

લખીને, ત્યારબાદ સ્પેસ અને ટ્રેન નંબર લખીને, ત્યારબાદ સ્પેસ અને 139 પર SMS મોકલો. જો કોઈ મુસાફર ટ્રેનનું સુનિશ્ચિત આગમન અને પ્રસ્થાન જાણવા માંગતો હોય, તો 139 પર આ ફોર્મેટમાં SMS મોકલો : AD, ત્યારબાદ ટ્રેન નંબર, ત્યારબાદ સ્પેસ અને સ્ટેશન કોડ, ત્યારબાદ સ્પેસ. રેલ મદદ દ્વારા તમારી ફરિયાદ સબમિટ કરવા માટે, કૃપા કરીને તમારા PNR નંબર અને તમારી ફરિયાદની વિગતો સાથે 139 પર SMS મોકલો, ત્યારબાદ MADAD પછી સ્પેસ. તમે 139 પર SMS મોકલીને તમારા બુક કરેલા પાર્સલની સ્થિતિ પણ ચકાસી શકો છો, ત્યારબાદ તમારા પાર્સલ સંદર્ભ અને PRR પછી જગ્યા આપો. હેલ્પલાઈન 139 દ્વારા, મુસાફરો ટ્રેન પૂછપરછ અને માહિતી, ટિકિટ, રિઝર્વેશન અને રદ કરવાની માહિતી, ટ્રેનનું સમયપત્રક અને લાઈવ રનિંગ સ્ટેટસ, ફરિયાદ નોંધણી અને ફરિયાદની સ્થિતિ, કટોકટી પ્રતિભાવ અને સ્વચ્છતા, સુરક્ષા, કેટરિંગ અને અન્ય મુસાફરોની સુવિધાઓ સંબંધિત ફરિયાદો જેવી સેવાઓનો લાભ લઈ શકે છે. મુસાફરો હેલ્પલાઈન 139 પર ફોન કરીને, SMS દ્વારા અથવા મોબાઈલ ફોન દ્વારા સંપર્ક કરી શકે છે. આ સેવા બહુભાષી છે, જેનાથી મુસાફરોને તેમની પોતાની ભાષામાં સહાય મળી શકે છે. પશ્ચિમ રેલ્વેનો વડોદરા વિભાગ મુસાફરોને મુસાફરી દરમિયાન કોઈપણ સમસ્યા, અસુવિધા અથવા કટોકટીના કિસ્સામાં હેલ્પલાઈન 139 નો ઉપયોગ કરવા વિનંતી કરી છે. જેથી સલામત અને સરળ મુસાફરી સુનિશ્ચિત થાય.

ભરૂચ જીલ્લાના ઇતિહાસમાં હેરોઇન પકડાવાનો પહેલો કિસ્સો

ત્રણ વર્ષ પહેલા અંકલેશ્વર ખાતે બેંક લૂંટ અને પોલીસ ફાયરિંગના આરોપી ડ્રગ પેડલર બન્યા

અંકલેશ્વર ડેપોમાંથી ભરૂચ SOG એ બન્ને આરોપીને સિગારેટની ડબ્બીમાં 8 પડીકી અને અન્ય 14 પડીકી સાથે પકડ્યાં

(પ્રતિનિધિ) ભરૂચ તા.15

માદરે વતન બિહારમાંથી મિક્ષ હેરોઈનના સિગારેટની ડબ્બી- 8 ફોઈલમાં અને ઝભલામાં 14 પડીકી લાવનાર બે આરોપીને ભરૂચ SOG એ રૂ.11.62 લાખના ડ્રગ્સ સાથે પકડી પાડ્યાં હતા.

ભરૂચ SOGની ટીમને બાતમી મળી હતી કે, અંકલેશ્વરના સારંગપુર ગામે આદર્શનગરમાં રહેતો રાકેશ મંડલ વતનથી ડ્રગ્સ લઈ આવવાનો છે. SOG પી.આઈ. એ.એચ. છૈયા અને ટીમે અંકલેશ્વર GIDC ડેપોમાં વોચ ગોઠવી હતી. એસ.ટી. ડેપોમાંથી

રાકેશ મંડલ અને દીપક સીંગ આવતા તેમની ધરપકડ કરાઈ હતી. રાકેશ મંડલ પાસે રહેલી સ્કૂલ બેગમાં કાળી થેલીમાંથી આછા બ્રાઉન રંગનો તીવ્ર વાસ આવતા પાઉડરની 14 જીપલોક પડીકી મળી આવી હતી. જ્યારે તેમાં જ મુકેલ ગોલ્ડ ફ્લેક સિગારેટની ડબ્બીમાં 8 ફોઈલમાં ડ્રગ્સ મળ્યું હતું.

FSLની હાજરીમાં તપાસ કરતા આ ડ્રગ્સ મિક્ષ હેરોઈન હોવાની ચોકાવનારી વિગતો સામે આવી હતી.સારંગપુરના લક્ષ્મણ નગરમાં રહેતા વોન્ટેડ સંતોષે 10 દિવસ પહેલા વતન બિહાર ગયેલા રાકેશને હેરોઈન લઈ આવવા ફોન કર્યો હતો. ગત તા.12મી જાન્યુઆરીએ રાકેશ ભાગલપુરથી ટ્રેનમાં સુરત આવવાનો હતો તેના બે દિવસ પહેલા સંતોષનો મિત્ર પુરાની સરાઈ ગામે આ જથ્થો આપી ગયો હતો. સુરતથી અંકલેશ્વર બસમાં આવેલા રાકેશે તેને લેવા દિપકસીંગને બોલાવ્યો હતો. જે બન્ને SOGના હાથે 58.11 ગ્રામ મિક્ષ હેરોઈન કિમત રૂ.11.62 લાખના જથ્થા સાથે ઝડપાઈ ગયા હતા. આ ડ્રગ્સની ડિલિવરી માટે સંતોષ રૂ.10 હજાર આપવાનો હતો. અગાઉ પણ સંતોષે દિપકસીંગના મોબાઈલ પર ફોન કરી રાકેશ પાસે કેટલીક વખત ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો. ભરૂચ SOGએ હાલ અંકલેશ્વર રહેતા મૂળ બિહારના બન્ને આરોપીની મિક્ષ હેરોઈન, બે મોબાઈલ મળી કુલ રૂપિયા 11.72 લાખના મુદામાલ સાથે ધરપકડ કરી. જથ્થો મંગાવનાર સંતોષને વોન્ટેડ જાહેર કર્યો હતો.